ગામ ધામડોદ લુંભા મુકામે પાંચે પરગણાની લેઉઆ પાટીદારોની પંચ સમસ્ત મળી પસાર કરેલા

કાયદાના નિયમો.

છપાવી પ્રસીદ્ધ કરનાર
પાંચે પરગંણાઓની પંચ સમસ્ત

સુરત
"સરસ્વતી" પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

શ્રી ગણેશાય નમઃ શ્રી શારદાય નમઃ



લેઉવા પાટીદારની પંચ સમસ્તે મળી ન્યાતના ઠરાવેલા કાએદાના નીયમો.

સાલ ૧૯૬૨ ના પોશ વદ ૫ ને સોમવારના દીને ગામ ધામડોદ લુંભા મુકામે વાલોડ઼ુ, કરોદુ, બલેસરૂ, ટીંબા, તથા સરભોણ પરગણાઓના લેઉવા પાટીદારોની પચ ભેગી થઇ હતી અને તેઓએ મળીને કરેલા ઠરાવના નીયમોના કાએદા નીચે મુજબ છે·—

૧) આપણી લેઉવા પાટીદારોની ન્યાત સમસ્તમા એવો ધરો છે કે છોકરીનો બાપ છોકરાના બાપને ત્યા જઇ છોકરાને ચાંદલો રૂ૦ ૧ એકથી પાચ સુધી આપી ચાંદલો કરે એટલે વીવાહુ નકી થયા એમ ગણાય છે પણ વીવાહુ થયા બાદ છોકરાનો અગર છોકરીનો બાપ અગાડી થઇ વીવાહુ તોડે તો તેની પાસે ·ન્યાતમા દંડ રૂ૦ ૨૧) પરગણાની પચ લેવા મુખત્યાર છે અને જે કોઇ વીવાહુ તોડી દંડ નહીં આપે તો ન્યાતના વેહેવારથી તેને દુર કરવો અને જ્યારે દંડ આપે ત્યારે ન્યાતે ન્યાતના વહેવારમાં તેને પાછો દાખલ કરવો.

૨) દરેક પરગણામાં આજદીન લગીમાં જે જે વીવાહુ તુટેલા છે તે તોડનાર સખસો પાસે અગાઉના ઠરાવ મુજબ દંડ લેવાનો કાયમ રાખેલો છે.

૩) આપણી લેઉવા પાટીદારોની ન્યાતમાં છોકરો પરણાવે તેનુ પહેલુ રૂ૦ ૩૫૧) અંકે ત્રણસોને એકાવનનુ લુગડા સાથે પહેલાની જણસ જુમણુ તથા કાંબી ના[illegible]નગ ૧ તથા રૂપાની કલી તથા સાંકળા તથા વાળી નગ ૧ તથા વીંટલા જોડ ૧ તથા રૂપાનો વાક નગ ૧ એક એ મુજબની જણસો છોકરીના બાપે લેવાની છે અને તે છોકરાઓ પરણે તેને બીજે દીવસે સવારે પહેલુ લેવુ અને એથી ઉલટું ચાલી સાંજે પહેલું માગે અગર વધારે કીમતનુ માગે તો તેની પાસે ગુનેગારી બદલ દંડ રૂ૦ ૨૫) અંકે પચીશ પરગણાની પંચ લેવા મુખત્યાર છે. જો તે એ ઠરાવેલો દંડ નહી આપે તો તેને ન્યાતના વહેવારથી દુર કરવા અને જ્યારે તે દંડ આપે ત્યારે ન્યાત પછી વહેવારમા દાખલ કરવા

૪) આપણા લેઉવા પાટીદારો છોકરાના લગન કરે છે એટલે છોકરો પરણાવે તે વખતે કોઈએ પણ વેવાઈના માંડવે જાન લઈ જાય ત્યા ચાલતી [illegible] કુલાચાર [illegible] નહીં તેમજ [illegible] ગુરૂને પણ [illegible] નહીં [illegible] આપવુ નહીં [illegible] કોઈની [illegible] પાડી આપવાની [illegible] તેમજ [illegible] પરગણાના [illegible] પોતાના પરગણાના [illegible] આપવો તેમજ [illegible] બાવાને પણ જે માગે તે આપવા છુટ છે ઉપરના નીયમ તોડીને કોઈ વીરૂધ ચાલે તેની પાસે [illegible] પરગણાના પંચમા દંડ રૂ૦ ૫૧) અંકે એકાવન લેવા [illegible] જે કોઈ એ દંડ નહીં આપે તેને પાંચ પરગણાના વેહેવારથી દુર કરવા અને જ્યારે તે દંડ આપે ત્યારે ન્યાત ન્યાતના વેહેવારમા પાછો તેને દાખલ કરવા.

૫) આપણી લેઉવા [illegible] ન્યાતમા બેન ભાણેજ પરણે તે વખતે મોસાળુ કરવાનો રીવાજ છે તે મુજબ કરવુ પણ ન્યાતમા મોસાળાના [illegible] રીવાજ નહીં તેમજ પોતાના જ ગામના માણસો સાથે લઈ જઈ મોસાળુ કરવુ અને પોતાના બેનભાણેજાને

ગાડી મોકલી બોલાવી લેવાની છુટ છે. એ વીરૂધ જે કોઇ નીયમ તોડી ચાલશે તેની પાસે દંડ તરીકે રૂા ૨૫) અકે પચીશ લેવા. પરગણાની પચ મુખત્યાર છે જો તે સખસ એ ઠરાવેલો દડ નહીં આપે તો તેને ન્યાતના વહેવારથી દુર કરવો અને જ્યારે તે દડ આપે ત્યારે ન્યાતે પાછો વહેવારમા દાખલ કરવો

૬) આપણી લેઉવા પાટીદારોની ન્યાત પાચે પ્રગણાની એકત્ર થઇ કરેલો ઠરાવ કે આપણા પ્રગણા પૈકી કોઇ પણ ગામના કોઇ પણ ગામના સખસે ગામ દેવધ તા૦ પુણા તા૦ કુભારીઆ તા૦ શારોલી તા૦ સુરત તથા પેરા એટલા ગામોમા કોઇએ છોકરી પરણાવવી નહી તેમજ નાતરે પણ કોઇએ આપવી નહી અને આ નીયમ તોડી જે કોઇ ઉપર લખેલા ગામોમાં છોકરી આપશે તેની પાસે પંચે પ્રગણાની પચ ગુનેગારી બદલ દંડ રૂા ૧૦૦૧ અકે એક હજારને એક લેવા મુખત્યાર છે અને જે કોઇ ઉપર લખેલો દડ આપવામાં કસુર કરે તો પાંચે પ્રગણાની ન્યાતે તેને ન્યાતના વહેવારથી દુર કરવો તેમજ તે ગુનેગારે ત્યાંથી પાછા વીવાહ તોડી નખાવવા અને તેની સાથે કોઇ પણ માણસ વહેવાર કરે તો તેને પણ પાચ પ્રગણાની પાચે ન્યાતના વહેવારથી દુર કરવો તેમજ તેની પાસે દડ રૂા ૫૧) અકે એકાવન લેવા ત્યારે તેને પાછો વહેવારમા દાખલ કરવો

૭) આપણી લેઉવા પાટીદારની ન્યાતમા લગન થયા પછી છોકરી ગેરશાલ જાય તો તેનો ધણી તે બાઇને રૂા ૩૫૧) અકે ત્રણસોને એકાવન ફારગતીના આપી છુટા છેડા કરે અને જો તે બાઇની ફારગતી લેવાની ખુસી નહીં હોય તો તેની ખોરાકી પોશાકી નો બદોબસ્ત ગામની પચની રૂબરૂ કરી કબુલત આપી બીજી બાઇ કરવાની છુટ છે અને છોકરો જો ગેરશાલ જાય તો બાઇને તેણે રૂા૦ ૩૫૧) અકે ત્રણસોને એકાવન આપી બીજુ ઘર કરવા છુટ છે અને ધણીધણીઆણી બન્ને બરાબર હોય અને અણબનાવ કરી ઉદમસ્તી કરી ઘર એક બીજા માડે નહીં તો તેની ફારગતીના

રૂા. ૧૦૦૧ અંકે એક હજારને એક બીજાને આપી નીકાલ કરી જવાને છુટ છે.

૮) આપણી લેઉવા પાટીદારની ન્યાતમાં કોઇએ કન્યા વીક્રય કરવો નહી એટલે છોકરીના રૂા. લેવા નહી. જે કોઇ પૈસા લેશે તથા આપસે તેનો ન્યાતને પુરાવા સાથે પત્તો મળશે તો તેની પાસેથી ગુનેગારી બદલ દડના રૂા. ૧૦૧ લેવામાં આવશે કોઈ પણ સખસ છોકરીનો વીવાહ કરે તેમા અગર તેને નાતરે આપે તેમાં કન્યા વીક્રયના પૈસા લેવા નહી છતા કદાપી લેશે તો ઉપર મુજબ દંડ પ્રગણાની પંચ લેવા મુખતીઆર છે

૯) આપણી લેઉવા પાટીદારોની ન્યાતમાં મરદને છોકરાં નહીં થાય એટલે બીજી ઓરત કરવાનો રીવાજ છે તે બાબતમાં એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે, જે શખશને છોકરાં નહીં થાય અને બીજી ઓરત કરવાની તેની મરજી થાય તો આગલી બાઇનુ મન મનાવી રજા લઇ નાતરૂ કરે તો છુટ છે. અને જો કદાપી આગલી બાઇની ખુશી નહી હોય અને નાતરૂ કરે તો તે બાઇને જો ફારગતી લેવી હોય તો તે બાઇને રૂપીઆ ૭૫૧] અંકે સાત્તસોને એકાવન આપી રજા આપવી ને જો કદાપી બાઈની રેહેવાની ખુશી હોય ને ફારગતી લેવી નહીં હોય તો તેને ખોરાકી પોશાકી વીગેરેનો પરગણાંની પચ જે ઠરાવ કરે તે પ્રમાણે બનેએ કબુલ રાખવુ ને કદાપી ઉપર લખ્યા પરમાણે જો તે બાઇને કોઈ પણ રીતનો ઠરાવ નહીં કરી આપે અને બાઈ પંચને ફરીયાદ થાય તો તે શખશને ન્યાતના વેહેવારથી દુર કરવો અને તે બદલ ગુનેગારીનો દડ રૂા ૫૧) અંકે એકાવન ન્યાતે લઇ બાઇનો બંદોબસ્ત કરી અપાવવો.

૧૦) આપણી લેઉવા પાટીદારોની ન્યાતમાં કોઇપણ સખસને છોકરો અગર છોકરી નહી હોય અને તેનો નિર્વંશ જતો હોય તો તેની મીલકત પર આપણી ન્યાતના રીવાજ પરમાણે તેના કુટબીનો હક છે ને જે સખસને છોકરો નહી હોય ને છોકરી હોય તો તેની મીલકતનો હક છોકરી ત

આ કુટ બીનો છે તે બાબતમાં પરગણાની પચ જે ઠરાવ કરી આપે તે ઠરાવ છોકરી તથા કુટંબીઓએ કબુલ રાખવો, પંચનું કરેલું નહી કબુલ કરે તો તેબદલ ગુનેગારી ન્યાતની નજરમાં આવે તે પરમાણે તે લેવા મુખતીઆર છે ગુનેગારી નહી આપે તો ન્યાતના વેહેવારથી તેને દુર કરવો.

૧૧) આપણી લેઉવા પાટીદારની ન્યાતમાં નાતરૂં કરે તેને પલ્લુ રૂા ૭૫૧) અંકે શાતસોને એકાવન લુગડાં સાથે આપવું તેમજ કોઇએ સોનાનો વાંક લઇ જવો નહીં. છતા ઉપલા નીયમ વીરૂધ છોકરીનો બાપ કઇ પણ વધારે રકમનુ પલ્લુ માગે તો તેની પાસે ગુનેગારી બદલ દડ રૂા ૨૫ અંકે પચીશ લેવા પરગણાની પંચ મુખત્યાર છે. જો તે એ ઠરાવેલો દડ નહીં આપે તો તેને ન્યાતમા વહેવારથી દુર કરવો અને જ્યારે તે દડ આપે ત્યારે ન્યાતે પાછો તેને વહેવારમાં દાખલ કરવો

૧૨) આપણી લેઉવા પાટીદારની ન્યાતમાં નાતરૂ કરવાને માટે છોકરીના બાપને ત્યાં જઇને કહણ આપે એટલે નાતરૂ નકી થયું એમ ગણાય છે તથા પાછલથી કાઇ વાંધો કાઢી છોકરીનો બાપ અગર છોકરાનો બાપ તેજ જગાએ નાતરૂ નહી કરાવે અગર નહી કરે તો તેની પાસે ગુનેગારી બદલ દડના રૂા ૧૦૧) પરગણાની પચ લેવા મુખતીઆર છે, તેમ છતાં તે નહીં આપે તે. તેને વેહવારથી દુર કરવો.

૧૩) આપણી લેઉવા પાટીદારોની ન્યાતમાં મરી ગયા પછી રડવા જવાની રીત છે તેમાં કુટવાનો રીવાજ છે તે કુટવાનો રીવાજ પાંચે પરગણામાં બધ કીધો છે માટે કેઇ પણ મરી જાય અને ત્યાં રડવા જાય ત્યારે જુવાન અગર ઘરડુ હોય તો પણ કુટવુ નહીં અને કદાપી જે ગામના લોકો એ કુટવાનો રીવાજ ચાલુ રાખશે તો તેની પાસે ગામની પંચ દડ રૂા. પાંચ લેવા મુખત્યાર છે. રડવા જાય ત્યાં ફકત ઘરમાં જઇને કોટકાણુ કરવી.

૧૪) આપણી લેઉવા પાટીદારોની ન્યાતમાં જે મૈયત ખરચ કરવામાં આવે છે તેમાં ખરચ કરનારાઓએ નોતરાં પોતીકાં સગાં સબંધી મલી કુલ ઘર ૪૯૯) અંકે ચારશોને નવાણું લખવા. એ કરતાં કોઇ પણ શખશે વધારે લખવા નહીં અને જે કોઇ એ નીયમ વીરૂધ નોતરાં ઘર ૪૯૯) ચારશો નવાણું કરતા વધારે લખશે તેની પાસે ગુનેગારી બાદલ દંડ રૂ ૧૦૧] અંકેસાન એક પરગણાની પચ લેવા મુખત્યાર છે અને જે કોઈની ખુશી હોય તેણે પાંચે પરગણા શમસ્ત કરી ન્યાતી ભોજન કરાવવુ પણ તેની પાસે ઉપર લખેલો દંડ લેવો નહી. તેમજ જેને પાંચે પરગણા કરી ન્યાત જમાડવાની ખુશી હોય તેણે દરેક પરગણાના બબે માણુસ બોલાવી શમસ્ત નોતરાં લખાવવા. તેમ નહીં કરશે તો ઉપરના ઠરાવેલા દંડને તે પાત્ર ગણવામાં આવશે તેમજ કોઇ પણ શખશ વગર નોતરે જમવા જશે તો તેને ન્યાતમાથી ઉઠાડી મુકી દંડ રૂા પાંચ લેવામાં આવશે તેમજ બારમાનુ નોતરૂ ન્યાતમાં ફેરવે તેણે ન્યાત તથા ગામમાં એકજ દીવસ ન્યાત જમાડવી અને કોઇ બારમાનુ નોતરૂ ફેરવી બે વખત અગર બે દીવસ ન્યાત અગર ગામ જમાડશે તો તેની પાસે ગુનેગારી બદલ દંડ પરગણાની પચ રૂ૦ ૨૫) અંકે પચીશ લેવા મુખત્યાર છે તેમજ તેરમાના નોતરા ફેરવે તેને ત્યા તેરમાને દીવસે જમી બધાએ જતા રેહેવું અને કદાપી બરચવળો પોતાનાં સગાને જો રાખે તો તેઓએ ત્યાં રહેવુ. એ સીવાય કોઈ ફાલતુ માણુસે ત્યા રેહેવુ નહીં અને સગા સીવાયનો કોઇ પણ શખશ રહેલો ચોદમાને દીવસે જમવા આવેલો માલુમ પડશે તો તેની પાસે દંડ રૂા પાંચ પરગણાની પચ લેવા મુખત્યાર છે.

૧૫) આપણી લેઉવા પાટીદારોની ન્યાતમાં મરી ગયા પછી વરસી તથા દરો તથા ગોરણી વીગેરે કરે તો કોઇએ ન્યાતમાં નોતરૂં મુકવું નહી ફકત પોતાની ખુશી હોય તો ઉપર લખેલી બાબતો ગામમાં કરવાને છુટ છે એ વીરૂધ જે કોઇ ન્યાતમા નોતરૂં મુકશે તેની પાસે દંડ રૂા ૧૦) અંકે દશ પરગણાની પચ લેવા મુખત્યાર છે.

૧૬) ઉપર મુજબના આપણા પાંચે પરગણાની લેઉવા પાટી-દારોની પંચાએ એકત્ર થઇ ઠરાવો કરેલા છે તે ઠરાવોમાં જે જે બાબતમાં જે જે ગુનેગારી બદલ જે જે દંડ લેવા ઠેરવેલા છે તે આંકડા-માં એક પાઇ પણ ઓછી લેવી નહીં ને જે કોઇ ઠરાવેલા દંડમાં ઓછું લેવા અગર અપાવવા કોશીશ કરશે તેને માથે પાપ છે તેમજ એ કાયદો તોડવાની કોશીષ કરી પાંચે પરગણાંથી વીરૂધ ચાલશે તેને પણ માથે પાપ છે માટે ઉપર મુજબ જે જે કલમોમાં જે જે દંડનો ઠરાવ કરેલો છે તેમાં ઠરાવેલો આંકડો પુરેપુરો લેવો અને ઓછો બીલકુલ લેવો નહીં. એજ તા૦ ૨૦–૩–૦૬

ઉપરના ઠરાવો કરનારાઓની નીચે મુજબ શહીઓઃ—

વાલોડ પરગણું
વાંકાનેર

પા દયારામ રણછોડ શહી
પા. બાવા હરીભાઇ શહી
પા. વલભ દુલભ શહી

બલેસરી પરગણું
ધામડોદ

પા. હરીભાઇ લાલા શહી
પા. લલુ દયારામ શહી
પા. પરાગ માધવ શહી
પા. રતનજી જેરામ શહી
પા. વલભ જેરામ શહી
પા. વનમારી નાગર શહી

ટીબા પરગણું

પા. હરીભાઇ કાનજી શહી

પા. મોરાર રતનજી શાહી

પા. કારા ગોપાર શાહી

પા. જીવણ પરભુ શાહી

કડોદું પરગણું

પા વલભ નાગર શાહી

પા. ડાહ્યા પરભુ શાહી

પા. ગોપાર રતનજી શાહી

અટભાણું પરગણું

પા લગા ગલાલ શાહી

પા. દેવા ઉકા શાહી

પા હાજી વશન શાહી